શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૬

મુંબઈ: ૧૫ જુલાઈ ૧૯૪૮ ગુરૂવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## દેવદ્રવ્યનો ઉપયોગ

દેવદ્રવ્યનો પ્રશ્ન આજે જ્યારે ચોતરફ ઠીક ઠીક પ્રમાણમાં ચર્ચાઇ રહ્યો છે ત્યારે આ સંબંધમાં મારા અંગત વિચારો વ્યવસ્થિત આકારમાં રજુ કરવાની આવશ્યકતા ભાસે છે. આમ તો આ પ્રશ્ન સંબંધમાં છુટુંછવાયું ઘણું લખાયું છે પણ મંદિરનાં વધારાનાં નાણાંનો શું ઉપયોગ કરવો એ પ્રશ્ન જ્યારે ટેન્ડુલકર કમીટીએ સમસ્ત હિંદુ સમાજ સમક્ષ ઉભો કર્યો છે ત્યારે આ સંબંધમાં વ્યવસ્થિત વિચારણા જરૂરી છે એમ સમજીને આ લેખ લખવા હું પ્રવૃત્ત થયો છું.

દેવદ્રવ્ય એટલે દેવોનું દ્રવ્ય એમ જો અર્થ કરીએ તો તે તો 'ફકીરની મુડી' 'સંન્યાસીની મીલ્કત' માફક વદતો વ્યાઘાત જેવું થાય છે. જો પાસે મુડી હોય તો તે ફકીર કેમ કહેવાય? જો પાસે મીલ્કત હોય તો તે સંન્યાસી કેમ કહેવાય? એમ જ જો અમુક દ્રવ્યસંગ્રહ ઉપર માલેકી હક્ક હોય તો તેવા હકકનો દાવો કરનારને, જૈન દૃષ્ટિએ જેને 'દેવ' કહેવામાં આવે છે તે 'દેવ' કેમ કહેવાય? પણ આ સંબંધની શાબ્દિક ચર્ચા ન કરતાં જિનમૂર્તિ સમક્ષ ધરાયલું કે જિન મંદિરને અર્પણ કરાયલું દ્રવ્ય એ 'દેવદ્રવ્ય' કહેવાય એવો લોકગૃહિત અર્થ આપણે સ્વીકારીને આગળ ચાલીએ.

અમુક મૂર્તિ અને મંદિર જે સ્થાનમાં આવેલાં હોય અને જે સંપ્રદાયના હોય તે સ્થાનના સંપ્રદાયની માલેકીના તે મૂર્તિ અને મંદિર ગણાય અને એ કારણે એકઠા થયેલા અને એકઠા થતા દ્રવ્યનો ઉપયોગ શું કરવો એ બાબતનો છેવટનો અધિકાર તે તે સંપ્રદાયના સંઘનો ગણાય. કેટલાંય વર્ષથી તે આજ સુધી આ દ્રવ્યનો ઉપયોગ જિનમૂર્તિ અને જિનમંદિર નિમિત્તે જ થવો જોઇએ એવી પરંપરા જૈનોના મૂર્તિપૂજક સંપ્રદાયમાં ચાલી આવે છે. આ દ્રવ્યનો ઉપયોગ મૂર્તિનાં આભૂષણો, મંદિરનું સંચાલન, સમારકામ, સુશોભન, તેમ જ સંવર્ધન પાછળ સાધારણરીતે કરવામાં આવે છે. પણ આજે ઘણાં મંદિરો એવાં છે કે જ્યાં મંદિરની આ બન્ને જરૂરીયાતોને પહોંચી વળતાં પણ ખુબ ફાજલ નાણું પડી રહે છે. આ વધારાનાં નાણાંમાંથી કંઇ કંઇ દૂર નજીક આવેલાં અન્ય જીર્ણ મંદિરોના સમારકામને લગતા ફાળાઓમાં તેમ જ જ્યાં ન હોય ત્યાં નવું મંદિર ઉભું કરવાની ટીપમાં નાની મોટી રકમો આપવામાં આવે છે. પણ મોટા ભાગે ભાવની વધઘટ, વ્યાજ અથવા તો ભાડાદ્વારા આ નાણાંમાં વૃદ્ધિ થાય એ હેતુથી સોનું, રૂપું, સીક્યોરીટી, શેર, ખાનગી પેઢીઓ તેમ જ સ્થાવર-મીલ્કત પાછળ આ દેવદ્રવ્ય તરીકે લેખાતું નાણું રોકવામાં આવે છે.

આ સંબંધમાં જેને સુધારકોના મત તરીકે ઓળખવામાં આવે છે તે આ મુજબ છે. જિનમૂર્તિ શ્વેતાંબરની હો કે દિગંબરની-જિનમૂર્તિને જે આભૂષણો તેમ જ શોભા શણગાર કરવામાં આવે છે અને સોના ચાંદી ઝવેરાતની આંગીઓ અને મુગટો ચઢાવવામાં આવે છે તે પ્રથા મૂર્તિના મૂળ સ્વરૂપ સાથે કોઇપણ રીતે બંધબેસતી નથી, એટલું જ નહિ પણ વિરોધી છે-ત્યાગમૂર્તિને આંગી આભુષણ શાં?-આમ સમજીને એ પ્રથા બંધ કરવી જોઇએ; મંદિરોમાં બને તેટલી સાદાઇ દાખલ કરવી જોઇએ અને આ રીતે મૂર્તિ અને મંદિરનો વહીવટ ચલાવતાં દર વર્ષે જે નાણું વધે તેમ જ આજ સુધીમાં જે નાણું એકઠું થયું હોય તેનો ધર્મ પરિપોષક, સંસ્કૃતિસંવર્ધક તેમજ સમાજસ્વાસ્થ્યની રક્ષા તેમજ વૃદ્ધિ કરનાર કોઇ પણ પ્રવૃત્તિ પાછળ ઉપયોગ કરવો જોઇએ. દેવદ્રવ્યનો આવો વ્યાપક ઉપયોગ કરવાનો દરેક સંઘને સંપૂર્ણ અધિકાર છે એવો સુધારકોનો મત છે. આજ સુધી એકઠું થયેલું દ્રવ્ય મૂર્તિ મંદિરના હેતુથી જ અપાયલું છે, તેથી તેનો કદિ કોઇ પણ અન્ય પ્રકારનો ઉપયોગ થઇ ન શકે એમ કેટલાકનું કહેવું છે, પણ આ મન્તવ્ય બરોબર નથી. જ્યારે કોઇ પણ શ્રાવક કોઇ મંદિરમાં કાંઇ પણ દ્રવ્ય આપે છે ત્યારે આ દ્રવ્યનો અમુક જ ઉપયોગ થવો જોઇએ અને અન્યથા કોઇ પણ ઉપયોગ થવો ન જ જોઇએ એવી કોઇ ચોકકસ એકાન્ત અને નિશ્ચયપૂર્વકની સમજુતીથી તે તે દ્રવ્ય આપે છે એમ નથી હોતું. એ તો ભોળાભાવે અમુક દ્રવ્ય મૂર્તિને સમર્પણ કરે છે એટલે કે એ મૂર્તિના અધિષ્ઠાતા સંઘને અર્પણ કરે છે અને એ સંઘ તેનો ચાલુ પરંપરા મુજબ ઉપયોગ કરે છે અને આ પરંપરામાં દેશકાળ મુજબ કોઇ પણ ફેરફાર કરવાનો તે સંઘને સંપૂર્ણ અધિકાર છે. અલબત્ત, મૂર્તિ અને મંદિરનો નિભાવ એ મુખ્ય વસ્તુ છે અને આ જરૂરિયાતને ઉપર જણાવ્યા મુજબ વહીવટ કરતાં પણ પહોંચી ન શકાતું હોય ત્યાં તો આવો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી. પણ વસ્તીવાળા પ્રદેશમાં અને સ્થળોમાં આવેલાં મંદિરોની આવક હંમેશાં ખર્ચ કરતાં ઘણી વધારે હોય છે અને તેથી જ આ બાબત પ્રશ્ન રૂપે ઉભી થાય છે.

દેવદ્રવ્યને લગતી આ પ્રથા અનાદિકાળથી ચાલતી આવે છે અને તેથી આ શાશ્વત પ્રથામાં કોઇ પણ પ્રકારનો આજે ફેરફાર કરવો ઉચિત નથી એમ કેટલાકનું કહેવું છે. વળી આ પ્રથાને કેટલાયે શાસ્ત્રઉલ્લેખોનું સમર્થન છે. માટે પણ આ સંબંધે અન્યથા વિચાર કરવો ઉચિત નથી એમ પણ તેમનું કહેવું છે.

કોઇ પણ પ્રથા શાશ્વતકાળથી એટલે કે અતિ પુરાણા કાળથી ચાલી આવે છે એટલા માટે ફેરફાર કરવા લાયક નથી એ દલીલ સયુકિતક નથી. આજના સંયોગો તેમ જ સામાજિક જરૂરિયાતો વિચારતાં જે પ્રથામાં ફેરફારની આવશ્યકતા લાગે તે પ્રથામાં તે મુજબ ફેરફાર કરવો જ જોઇશે. પ્રથાનું ગમે તેટલું પુરાણાપણું પ્રથાને એવું કોઇ મહત્ત્વ આપતું નથી કે જેથી એ પ્રથામાં કોઇ પણ કાળે કશો પણ ફેરફાર થઇ ન જ શકે એવું એકાન્તવાદી વિધાન વ્યાજબી ગણાય. સમાજ બદલાતો આવ્યો છે તેમ જ તેની પ્રથાઓ પણ બદલાતી

આવી છે. પણ આ બાબત તો આપણે દેવદ્રવ્યની પ્રથાનું અત્યન્ત પુરાણાપણું સ્વીકારીને વિચારી અને ચર્ચી. પણ જેઓ દેવદ્રવ્યની પ્રથાના પુરાણાપણામાં માને છે તેમને મુનિ જિનવિજયજીના તેમ જ પંડિત બેચરદાસના, 'પ્રબુધ્ધ જૈન'ના આગળના અંકોમાં, પ્રગટ થયેલા વિચારો ફરીથી જોઇ જવા તેમ જ વિચારી જવા વિનંતિ છે. શાન્તિથી તેમ જ તટસ્થતાપૂર્વક તેમના જૈનશાસ્ત્રના અભ્યાસ અને અવલોકનનો સાર વિચારતાં દેવદ્રવ્યની પ્રથાની અતિ પ્રાચીનતાનો દાવો કેટલો પાયાવિનાનો છે એનો તેમને ખ્યાલ આવશે. મારે મન આવી સામાજિક કે ધાર્મિક બાબતોમાં પ્રાચીનતા કે અર્વાચીનતા એ ગૌણ બાબત છે. ગમે તેટલું પ્રાચીન જો આજે પણ સમાજશ્રેયની દૃષ્ટિએ આદરણીય હોય તો તે સામે મને જરાયે વાંધો નથી. કોઇ પણ બાબત અર્વાચીન છે એટલા ખાતર જ સ્વીકાર્ય છે એવો પણ મને કોઇ મોહ કે આગ્રહ નથી.

બીજો પ્રશ્ન દેવદ્રવ્યની વર્તમાન પ્રથાના સમર્થક શાસ્ત્રઉલ્લેખોનો છે. શાસ્ત્રના સર્વ ઉલ્લેખો આજની પ્રથાના સર્વથા સમર્થક છે એમ હું માનતો નથી. બીજું ધર્મશાસ્ત્રોમાં આવાં જે વિધાનો હોય છે તેનો ઉદ્દેશ ઘણુંખરૂં પ્રચલિત રૂઢિને સમાજ દૃઢતાપૂર્વક વળગી રહે તે હેતુથી તે રૂઢિને વિધ્યાત્મક અથવા તો નિષેધાત્મક સ્વરૂપ આપવાનો હોય છે. આજે જ્યારે મૂળ રૂઢિના ઉત્પાદક સમાજિક સંયોગો ધરમૂળથી બદલાઇ રહ્યા છે ત્યારે તે રૂઢિ પણ ફેરફાર માંગી રહી છે એમ આપણે સ્વીકારવું રહ્યું. જો આમ છે તો પણ તે રૂઢિના સમર્થક શાસ્ત્રઉલ્લેખોનું આપણા માટે કશું પણ બંધનકર્તાપણું રહેતું નથી. આ સર્વ ચર્ચાનો સાર એ છે કે કોઇ પણ રૂઢિ કે પ્રથાને ગમે તેટલા કાળબળનો કે શાસ્ત્રસમર્થનનો ટેકો હોય—આજે પણ તે રૂઢિએ પોતાના ટકાવ માટે આજના ધોરણે જ પોતાની ઉપયોગીતા પુરવાર કરવી રહી. એ ઉપયોગીતા વિષે જ્યારે શિષ્ટ વ્યક્તિઓ તરફથી શંકા ઉઠાવવામાં આવે ત્યારે સમજવું કે આ રૂઢિનો પાયો હવે હલવા માંડ્યો છે. દેવદ્રવ્યને લગતી પ્રથાનો પાયો આજે આ રીતે ચલાયમાન થઇ રહ્યો છે.

દેવદ્રવ્યની પ્રથા તો જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્તની બાબત છે માટે એમાં કશો ફેરફાર થઇ ન જ શકે આમ કેટલાક દલીલ કરે છે. આ દલીલ જેટલી હાસ્યાસ્પદ દલીલ અન્ય કોઇ હોઇ ન શકે. પહેલાં તો મૌલિક સિદ્ધાન્તની કઇ કઇ બાબતો લેખાય અને એમાં પણ ફેરફાર કદિ થઇ ન જ શકે—એ બન્ને વિવાદાસ્પદ બાબતો છે, પરંતુ પ્રસ્તુત ચર્ચાના અનુસંધાનમાં આપણે આત્માનું અસ્તિત્વ, કર્મની અટળતા, પુનર્ભવની નિશ્ચિતતા અને મોક્ષની શકયતા આટલી તાત્વિક બાબતો અને અહિંસા, સત્ય,અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—આટલા આચારનિયમો પાયાના છે એમ માની લઇએ તો પણ આત્મસાધનાનું એક સાધન વ્યક્તિ, ભક્તિનું એક સાધન મંદિર અને મૂર્તિ, મંદિર અને મૂર્તિને ટકાવવા માટેનું સાધન જરૂરી દ્રવ્ય—હવે આ આર્થિક જરૂરિયાતને પહોંચી વળતાં વધી પડતાં નાણાંનો શું ઉપયોગ કરવો અને શું ન કરવો—આ પ્રશ્નને મૌલિક સિદ્ધાન્તનો લેખાવવો તે ચોપદારને શહેનશાહ મનાવવા બરોબર છે. પણ જે બાબતમાં કશો પણ ફેરફાર સ્વીકાર્ય ન હોય તે બાબત ગમે તેવી નજીવી, મામુલી હોય તો પણ તેને મૂળ સિદ્ધાન્તના સિંહાસને બેસાડી દેવી એ સ્થિતિચુસ્ત સમાજનો સહજ સ્વભાવ છે.

પણ અહિં પ્રશ્ન તો એ ઉભો થાય છે કે જે રૂઢિ કેટલાક કાળથી ચાલી આવે છે અને જે રૂઢિને અમુક અંશે શાસ્ત્રીય સમર્થન છે તે રૂઢિ ચાલે છે તેમ ચાલવા કાં ન દેવી? તેમાં ફેરફાર કરવાની શી જરૂર છે? જે કોઇ ફેરફારની માંગણી કરતો હોય તેણે આ પ્રશ્નને સંતોષવો રહ્યો.

મૂળ તો દેવદ્રવ્યની વર્તમાન પ્રથાની જ્યારે શરૂઆત થઇ ત્યારના સમાજહિતૈષિઓને તે વખતનો સમાજ, અને તે વખતના મંદિરોનો વહીવટ વિચારતાં આવી પ્રથા સ્વીકારવાની જરૂરિયાત ભાસી હશે. તે વખતે ધર્મપ્રચાર માટે મંદિર તેમ જ મૂર્તિ ઉપર અત્યન્ત ભાર મુકવાની જરૂર પણ જણાઇ હશે. આજે આવી પ્રથાનું પરિણામ લાખોની રકમને સ્થગિત કરવામાં આવ્યું છે, મંદિરો જાણે કે વ્યાપારની પેઢીઓ હોય એવું એ સંસ્થાનું અધઃપતન થયું છે, આજે સમાજ મંદિર તેમ જ મૂર્તિ ઉપરાંત બીજી અનેક બાબતોને ખુબ મહત્વ આપી રહેલ છે, સામાજીક જરૂરિયાતો ચોતરફથી વધતી જ ચાલી છે, અને આમ છતાં સમાજનો ધનનો પ્રવાહ મંદિર તરફ જ હજુ બહુ મોટા પ્રમાણમાં વહી રહ્યો છે. આ પ્રવાહનો સદુપયોગ કરવો અને તે પણ મૂળ સંસ્થાને બાધ ન આવે તે રીતે—એ આ સુધારણાનો હેતુ છે. વિશાળ દુનિયાના આપણે પરિચયમાં આવ્યા છીએ. જે જે દેવસ્થાનોએ પોતાની આવકને સમાજોપયોગી કાર્યો માટે ખુલ્લી મુકી છે તે તે દેવસ્થાનો દ્વારા અનેક સત્કાર્યો થઇ રહ્યાં છે. કેટલીયે મસ્જીદોની આવકમાંથી મદ્રેસાઓ ચાલે છે. કેટલાયે ચર્ચોની આવકમાંથી મીશન સ્કુલો અને ઇસ્પીતાલો ચાલે છે. જૈનો માફક અન્ય હિંદુઓનું માનસ પણ જો કે હજુ આ બાબતમાં એટલું જ સ્થિતિચુસ્ત છે તથા મંદિરની આવકનો અન્ય કોઇ કાર્યમાં ઉપયોગ થઇ ન શકે એવું જ વળણ તેઓ સ્વાભાવિક રીતે ધરાવે છે, એમ છતાં પણ કેટલાક મંદિરના સંચાલકોએ આ બાબતમાં પોતાનું વળણ બદલવા માંડ્યું છે અને કેટલાક ઠેકાણે કાયદો તેમને ફરજ પાડી રહ્યો છે. પરિણામે નિરર્થક પડી રહેલી હજારોની રકમ છુટી થવા માંડી છે અને તેમાંથી સારી સારી શિક્ષણસંસ્થાઓનો જન્મ થવા માંડ્યો છે. દેવદ્રવ્યની વર્તમાન પ્રથાને માત્ર આજ સુધી ચાલી આવતી રૂઢિ સિવાય બીજું કોઇ પણ બૌદ્ધિક સમર્થન છે જ નહિ. મંદિરનો વધારાનો પૈસો બીજા કોઇ સામાજિક કાર્યમાં કેમ ન વપરાય એમ પૂછીએ તો જવાબ મળે છે કે આ કંઇ કાળથી ચાલતી આવતી રૂઢિ છે અથવા તો અમારા ધર્મનું આ ફરમાન છે. આ જવાબ બુદ્ધિપૂર્વક વિચારનાર કોઇ પણ માનવીને સંતોષ આપી શકે તેમ છે જ નહિ.

કેટલોક આપણો શ્રદ્ધાળુ વર્ગ એમ કહે છે કે મંદિર એ કેવળ ધાર્મિક સંસ્થા છે અને અને તેમાં એકઠા થયેલા દ્રવ્યનો તેમ જ આવકનો સમાજ માટે કદિ પણ ઉપયોગ થઇ ન શકે. પણ વાસ્તવિકપણે વિચારતાં મંદિર એ જેટલી ધાર્મિક તેટલી જ શુદ્ધ સામાજિક સંસ્થા છે. મંદિર એ સર્વ સમાજનું મીલનસ્થાન છે. જે શાન્તિ અને પવિત્ર વાતાવરણ ઘરમાં મળતું નથી એ શોધવા અને પામવા માટે માનવી મંદિરમાં જાય છે. મંદિર ગરીબ અને પૈસાદારને ભેદભાવ વિના આવકારે છે, અને સૌ કોઇના દિલમાં રહેલા ભક્તિભાવને તૃપ્ત કરે છે. આ રીતે મંદિર એક મહત્વની સામાજિક ઉપયોગીતા જ પુરી પાડે છે અને સમાજ તેનો પુરો લાભ ઉઠાવે છે. આ મંદિરને ચલાવવા પાછળ તેમાં થતી આવકનો ઉપયોગ થાય છે. આ ઉપરથી માલુમ પડશે કે મંદિરમાં થતી આવકનો ઉપયોગ સમાજ માટે ન થવો જોઇએ એમ કહેવાનો કોઇ અર્થ જ નથી, કારણ કે એ આવકનો ઉપર વર્ણવ્યા મુજબ સામાજિક ઉપયોગ જ થઇ રહ્યો છે. માત્ર આ ઉપયોગ ઉપર જે મર્યાદા મૂકવામાં આવી છે—પરિણામે એ દ્રવ્ય પડ્યું રહે કે વધે પણ બીજા કોઇ પણ સામાજિક અગત્યના કામમાં તે વાપરી ન જ શકાય—આ મર્યાદાથી સમાજે મુક્ત થવાની જરૂર છે.

પણ પ્રશ્ન કરવામાં આવે છે કે આ મંદિરોના વધારાનાં નાણાંનો જીર્ણોદ્ધાર વિરાટ કાર્યમાં કાં ઉપયોગ ન કરવો? જેથી રૂઢિની આમાન્યા જળવાય અને એકઠાં થયેલાં નાણાંની વપરાશ શરૂ થાય. આજે જ્યારે ધાર્મિક સંસ્થાઓમાં સ્થગિત થયેલાં નાણાંનો લોકોપયોગી કાર્યમાં કોઇને કોઇ રીતે ઉપયોગ થવો જોઇએ એવી મુંબઇ સરકાર તરફથી હીલચાલ શરૂ થઇ છે ત્યારે મંદિરની મુડી વધારવા

તરફ જ જેમનું આજ સુધી મુખ્ય લક્ષ્ય હતું તેવા સત્તાધારીઓ અને તેમના અનુગામીઓ આ પ્રમાણે રજુઆત કરી રહ્યા છે અને તે બાબતનો પ્રચાર કરી રહ્યા છે અને આ બાબતમાં કોઇ પણ પ્રકારનો કાયદો થાય તે પહેલાં તેઓ પોતપોતાની સત્તાના પરિધમાં જાતજાતના ઠરાવો કરી રહ્યા છે. કોઇ હાલ મંદિર છે તેને મોટું બનાવવાનો, કોઇ બીજાં નવાં મંદિરો ઉભા કરવાનો, કોઇ અમુક જીર્ણ મંદિરોનો ઉદ્ધાર કરવાનો—એમ એક યા બીજી બાબત પાછળ હજારોની રકમો ખરચવાના ઠરાવો કરી રહેલ છે. જૈનોનાં હિંદુસ્થાનમાં સંખ્યાબંધ મંદિરો છે અને તેની રક્ષા કરવી તે તેમનો ધર્મ છે એ બાબતમાં બે મત છે જ નહિ. અને તેથી મંદિરની મિલ્કતનો કોઇ પણ અંશ આવા કાર્ય પાછળ ખરચાય એ પણ આવકારદાયક લેખાવું જોઇએ. પણ જે સ્થળે જે મંદિર હોય તે મંદિરની મુડી તેમ જ આવક ઉપર તે સ્થળના સમાજનો સૌથી પહેલો હક્ક લગે છે એ આપણે સમજવું તથા સ્વીકારવું રહ્યું. અને તે સમાજની તાત્કાલિક જરૂરિયાતો તેમ જ આખા સમુદાયની અન્ય પ્રકારની વ્યાપક જરૂરિયાતોની તદ્દન ઉપેક્ષા અથવા તો અવગણના કરીને માત્ર જીર્ણોધ્ધાર પાછળ જ આ દ્રવ્યનો ઉપયોગ થઇ શકે—એમ કહેવું એ એક પ્રકારની વિચારજડતા જ છે અથવા તો પોતાની માન્યતા મુજબ આવેલી આફતને ટાળવાનો એક બુદ્ધિપ્રયોગ છે. વળી ‘જૈનોનાં હિંદભરમાં ૩૫૦૦૦ જેટલાં મંદિરો છે અને તેના ટકાવ અને જીર્ણોધ્ધાર માટે પુષ્કળ દ્રવ્યની અપેક્ષા છે અને તે અપેક્ષા વિચારતાં આજે જૈન મંદિરો પાસે જે કાંઇ દ્રવ્ય એકઠું થયેલું છે તે કાંઇ હીસાબમાં નથી’—આ બધી ગણતરી અને શાણપણ આમ એકાએક કયાંથી ફુટી નીકળ્યું ? ગઇ કાલ સુધી તો કોઇ ગામડાના માણસો આવા કોઇ કાર્ય માટે ટીપ લઇને આવતા તો રૂા. ૫૦) ભરી આપતાં તો લાખોની મીલ્કતવાળા ટ્રસ્ટીઓ જાણે કે અનહદ ઉપકાર કરતા હોય એવું ઘમંડ દાખવતા હતા અને આજે આવી ઉદારતા અને જીર્ણોદ્ધારની લગની કયાંથી પ્રગટી નીકળી ? આ બધોય ટેંડુલકર કમીટીના કારણે ઉભો થયેલો સ્મશાનવૈરાગ્ય છે અને ફરજિયાત કરવો પડતો ત્યાગ છે. અને આ રીતે દેવદ્રવ્ય સામે ઉભું થયેલું જોખમ એક યા બીજી રીતે શમી ગયેલું જેવું માલુમ પડશે કે તુરત જ આ જીર્ણોદ્ધારની વાતો, વિચારણા અને શરૂ થઇ ચુકેલો અમલ—આ બધુંય અલોપ થઇ જવાનું છે અને દેવદ્રવ્યને જરા પણ આંચ ન આવે એ રીતે કેમ જાળવવું અને વધારવું એ પુરાણી દૃષ્ટિ મુજબ જ જૈન મંદિરોનો વહીવટ ચાલવાનો છે.

બીજું જ્યારે જીર્ણ થતાં મંદિરો વિષે આટલી બધી લાગણી દાખવવામાં આવે છે ત્યારે જીર્ણ થઇ રહેલાં, ભાંગીને ભુકકો થઇ જતા માનવી સમુદાય વિષે કોઇનાં દિલમાં કેમ કશો સળવળાટ થતો નથી ? જૈન સમાજનો જ વિચાર કરીએ તો તેની વિટંબણાઓ અને હાડમારીઓ પણ કયાં ઓછી છે ? આખો જૈન સમાજ મધ્યમ વર્ગનો બનેલો છે અને આજે ચઢેલી આફતની આંધી સૌથી વધારે આ વર્ગ ઉપર ઉતરી રહી છે. વ્યાપાર ભાંગતા જાય છે, નોકરીમાં પુરૂં થતું નથી, રહેવાને ઘર મળતાં નથી, ભણાવવાને સાધન નથી, માંદગી આવે છે કે કુટુંબીજનો મુંઝાવા લાગે છે. આ જર્જરિત થતા જતા સમાજને આ વિપુલ દ્રવ્યસંચયમાંથી ટેકો આપવાનો આપણે કશો પણ વિચાર કરી ન શકીએ ? સસ્તા ભાડાંના મકાનો, ડુબતા કુટુંબોને ટકાવી રાખવા માટે લોનો, ભણતર માટે શિષ્યવૃત્તિઓ, મફત ઔષધાલયો—આવી કેટલીયે રાહતો આ દ્રવ્યભંડારોમાંથી ઉભી કરી શકાય તેમ છે. આમ કરવાથી મંદિરોયે ટકશે અને માનવીજીવનમાં નવા પ્રાણ પુરાશે. પણ નહિ, એમ ન જ બની શકે ! મંદિરનો પૈસો ઇંટ ચુના અને પથ્થર પાછળ ખરચાશે, માનવીઓના સ્વાસ્થ્ય અને કલ્યાણ માટે એક પાઇ પણ તેમાંથી આપી નહિ શકાય. કારણ કે અમારા ધર્મનું આવું ફરમાન છે. જેનો પાયો ભૂતદયા ઉપર છે, જગદ્વ્યાપી કરૂણા—ઉપર છે, અને જેની વિચારસરણી શુધ્ધબુદ્ધિ વ્યાપાર ઉપર નિર્ભર છે એવા જૈન ધર્મનું આવું એકાન્ત ફરમાન કદિ કોઇ કાળે હોઇ ન જ શકે.

એક આગેવાન કેળવાયેલ બંધુ એમ કહે છે કે આમાંથી જૈનોએ રહેવા માટે મકાનો જરૂર બંધાવી શકાય; પણ એ મકાનનું ભાડું ચાલુ દરો મુજબ મળવું જ જોઇએ; આમાંથી જૈનોને ઉછીનાં નાણાં પણ આપી શકાય પણ તે ચાલુ વ્યાજ સાથે અને સધ્ધર જામીનગીરી ઉપર. કોઇને પણ સુખસગવડ આપતાં દેવદ્રવ્યની એક પણ પાઇ જોખમાવી ન જોઇએ એટલું જ નહિ પણ, તેમાં કાંઇને કાંઇ વધારો થવો જ જોઇએ, આ શુધ્ધ મુડીવાદી મનોદશા છે અને દેવદ્રવ્યનો ઉપયોગ, મંદિરોનો વહીવટ આજ સુધી કેવળ મુડીવાડી મનોદશાને આધીન રહીને જ થતો આવ્યો છે.

હવે પ્રશ્ન કાયદાનો આવે છે. કેટલાકનું એમ કહેવું છે કે આ બધું તો ઠીક પણ આ સંબંધમાં શું કરવું, શું ન કરવું એ બાબતનો નિર્ણય લેવાનો અધિકાર સ્થળ સ્થળના સંઘોનો છે. આવી ધાર્મિક બાબતોમાં સરકારે કોઇ પણ પ્રકારની દખલગીરી કરવી ન જોઇએ. સામાન્યતઃ આ દૃષ્ટિબિન્દુ અને ધોરણ બરોબર છે. સરકારની કશી પણ દખલગીરી સિવાય સ્થળ સ્થળના સંઘના આગેવાનો ફરતા જતા વિચાર, વાતાવરણ અને સમાજની જરૂરિયાતોનો પુરો ખ્યાલ કરીને પોતપોતાની રચના, વ્યવસ્થા અને પરંપરાગત રીતરીવાજોમાં ફેરફાર કરતા રહે એ આદર્શ સ્થિતિ છે. પણ આજના આગેવાનો સામાન્યતઃ સ્થિતિચુસ્ત મનોદશાવાળા, પ્રત્યાઘાતી વળણવાળા અને કોઇ પણ નવી વાત, વિચાર કે આન્દોલનનો શરૂઆતમાં સખ્ત વિરોધ કરનારા અને પાછળથી અસહાય બનીને તે વાત, વિચાર કે આન્દોલનને સ્વીકારનારા હોય છે. તેમને અનુસરતો સામાન્ય જનસમુદાય નવી વાત સાંભળે છે, નવો વિચાર ઝીલે છે, અને એ મુજબ વ્યકિતગત રીતે અંદરથી પલટતો ચાલે છે. પણ આ વિચાર કે વળણના પલટાને વ્યકત કરવાની તેને સુજ હોતી નથી, હીંમત હોતી નથી અને તેથી બાહ્યતઃ તે પોતાના આગેવાનોની પાછળ જ જાણે કે ચાલતો હોય એમ માલુમ પડે છે. અંગ્રેજ સરકારે ધાર્મિક તટસ્થતાના નામે પ્રજાના આચારવિચારની પ્રગતિને હંમેશાં રૂંધવાનું જ કાર્ય કર્યું છે. અને એ ધાર્મિક તટસ્થતાનું ભૂત આજે આપણા આગેવાનોને ઝેરની માફક વળગ્યું છે. રાજકીય ક્રાન્તિ પાછળ સામાજિક ક્રાન્તિ પુરવેગે ન આવે તો ધોળી ચામડીના ઠેકાણે શામળી ચામડીનો કારભાર સ્થપાય અને પ્રજાજીવનમાં કશો પણ પલટો ન આવે. આજે આખા દેશે ખરેખર આગળ વધવું હોય તો ધર્મ અને સમાજના નામે જે કેટલીક અનર્થપૂર્ણ અનિષ્ટ રૂઢિઓ ચાલી રહી છે તેનો ઉચ્છેદ થવો જ જોઇએ, ધર્મના નામે સ્થગિત ધનભંડારો વહેતા થવા જોઇએ અને નવા ચીલાઓની શરૂઆત થવી જોઇએ, અને આ દિશાએ ખાસ જરૂરી એવા કાયદાકાનુનનાં પણ મંડાણ માંડવા જોઇએ. અસ્પૃશ્યતાનો પ્રશ્ન કેવળ ધાર્મિક પ્રશ્ન જ હતો. અંગ્રેજ સરકારના અમલ દરમિયાન આ બદી આપણે કોઇ રીતે દૂર કરી ન શકયા. આપણા હાથમાં સત્તા આવી કે આ બાબત તુરત જ હાથ ધરવામાં આવી. જ્ઞાતિ, ધર્મ અને સમાજના આગેવાનોએ આ બાબતમાં ઠીક ઠીક બડબડાટ કર્યો, વિરોધ દાખવ્યો. સામાન્ય જનસમુદાયની અર્ધમુઢ, અર્ધમુંગી અર્ધજાગૃત, અર્ધમુખર—પરિણામે તેના મોટા ભાગનું શું વળણ છે તે સહેજે કળી ન શકાય તેવી સ્થિતિ વર્તતી હતી. આમ છતાં પણ અસ્પૃશ્યતાનાં અનેક અનિષ્ટો ધ્યાનમાં લેતાં તેમ જ સમાજની નવરચનાનો વિચાર કરતાં એ બદી ટાળવી જ રહી એમ જેના હાથમાં નવાં સત્તસૂત્રો આવ્યાં તેમને લાગ્યું અને એ પ્રમાણે તેમણે કાયદા કર્યા. આ રીતે ચાલતાં બહુ થોડા સમયમાં આપણા દેશમાંથી અસ્પૃશ્યતાની રૂઢિ નાબુદ થઇ જશે

એમ માનવાને આજે પુરતાં કારણો છે. આવી જ રીતે લગ્નસંસ્થા, છુટા છેડા અને એવી બીજી અનેક સામાજિક તેમ જ ધાર્મિક બાબતો આજની પ્રાન્તિક સરકારો હાથ ધરી રહી છે. આ જ પ્રમાણે ધાર્મિક સંસ્થાઓના વહીવટો, તેનાં વધારાનાં નાણાનો ઉપયોગ, બીનજરૂરી ચેરીટીઓને લોકોપયોગી સ્વરૂપ આપવાનો પ્રશ્ન, કોમી સંસ્થાઓને વધારે લોકોપયોગી બનાવવાનો પ્રશ્ન આવા પ્રશ્નો આજની સરકારો સામે આવી પડયા છે અને આ બાબતમાં શું કરવું તેને લગતો વિચાર આ સરકારો ચલાવી રહી છે. આવી બાબતમાં સરકાર જો બીલકુલ વચ્ચે પડતી નથી અને અંગ્રેજ સરકાર માફક અલગ ને અલગ જ રહ્યા કરે છે તો ચાલુ પરિસ્થિતિમાં કંઇ વર્ષો સુધી કશો જ ફેરફાર થવાનો સંભવ દેખાતો નથી. પરિણામે સંસ્થાઓના ગેરવહીવટો એમના એમ ચાલ્યા જ કરવાના, અને ધર્મના નામે ધનના ઢગલા ને ઢગલા ખડકાયે જ જવાનાં, અને કોમી ભાવનાનું ઝેર ફેલાતું જવાનું. સમાજ ફેરફારો માંગે છે, પણ એ બાબતમાં સ્વતઃ આગળ ચાલવાનું તેમનામાં કૌવત નથી, સ્થાપિત હિતો ધરાવતા આગેવાનો સામે થવાની હીંમત નથી, ધર્મના નામનો હાઉ પણ તેને ભડકાવે છે. આવા સંયોગોમાં જરૂરી કાયદાકાનુન સરકારે કરવાં જ રહ્યા. આ વિના સમાજની કાયાપલટ શકય નથી. અલબત્ત આ સંબંધમાં જે કાંઇ કાયદાકાનુન સરકાર તરફથી રજુ થવાના તે બધા ખરેખર જરૂરી અને વાજબી જ હોવાના એમ માની લેવાને કશું જ કારણ નથી. એ તો રજુ થતા કાયદાકાનુનનું સ્વરૂપ અને વિગતો વિચારીને આપણે નિર્ણય બાંધવાનો રહ્યો. કેટલાક કાયદાઓ ખરેખર હિતાવહ હોય તો કેટલાક વધારે ઉતાવળીઆ હોય અને સંભવ છે કે કોઇ કાયદો જે હેતુ માટે કરવામાં આવતો હોય તે હેતુનો જ કદાચ વિઘાતક નિવડે. આ સંબંધમાં દરેકને પોતાનો અભિપ્રાય રજુ કરવાની તક મળે છે અને પસાર થયેલો કાયદો અનર્થપરિણામી માલુમ પડતાં એની એ જ ધારાસભા તેને ફેરવી પણ શકે છે. પણ અમારી કોઇ પણ ધાર્મિક બાબતોમાં કે ધાર્મિક સંસ્થાઓ સંબંધમાં આપણી સરકારે કશો જ કાયદો ન કરવો અને કોઇ કાયદો કરવામાં આવશે તો તેનો અમો પુરી તાકાતથી સામનો કરીશું–આમ બોલવું અને વર્તવું તે આવેલી આઝાદીના ગર્ભમાં રહેલી સામાજિક ઉત્ક્રાન્તિની કસુવાવડ નોતરવા બરોબર છે. આ દૃષ્ટિબિન્દુથી આ આખા પ્રશ્નને વિચારવા, સમજવા અને તે મુજબ પોતાનું વળણ નક્કી કરવા જૈન સમાજનાં ભાઇ બહેનોને મારી નમ્રભાવે વિજ્ઞપ્તિ છે.

**પરમાનંદ**

# કેટલાક સમાચાર અને નોંધ

## ટેન્ડુલકર કમીટી સમક્ષની જુબાનીઓ

ટેન્ડુલકર કમીટી સમક્ષ આપવામાં આવેલી જુબાનીઓમાંથી જેટલી અગત્યની અને પ્રસ્તુત પ્રશ્નો પરત્વે મહત્વની લાગી તે જુબાનીઓના અનુવાદ અથવા તો સંક્ષિપ્ત સાર પ્રબુદ્ધ જૈનના છેલ્લા ચાર અંકો દરમિયાન પ્રગટ કરવામાં આવેલ છે. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ તરફથી શ્રી મોહનલાલ ભગવાનદાસ ઝવેરીએ તથા શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ જુબાની આપી હતી. આ જુબાનીની કેટલીક વિગતો પણ આ સાથે સામેલ કરવા ધારણા હતી. પણ પ્રબુદ્ધ જૈનમાં આ વિષે પુરતી વિચારસામગ્રી આજ સુધીમાં પ્રગટ થઇ ચુકી છે અને એ જુબાનીમાં આગળની જુબાનીઓમાં રજુ થયો ન હોય એવો કોઇ ખાસ મુદ્દો છે નહિ. તેથી એ જુબાની વિગતવાર પ્રગટ કરવાનો વિચાર પડતો મુકવામાં આવે છે. એ જુબાની સંબંધમાં એટલું જણાવવું બસ થશે કે દેવદ્રવ્યનો મંદિર અને મૂર્તિ સિવાય અન્ય કોઇ પણ હેતુ માટે ઉપયોગ થઇ ન જ શકે એ માન્યતાનું સમર્થન કરતા ધર્મગ્રંથોમાંથી અનેક ઉલ્લેખો તેમણે રજુ કર્યા હતા અને તમારી વાસ્તવિક અને કાલ્પનિક બધી જરૂરિયાતોને પહોંચી વળતાં પણ દેવદ્રવ્યની મીલ્કતમાં વધારો માલુમ પડે તો પછી તે વધારાની મીલ્કત કે નાણાંનો અન્ય કોઇ સમાજહિતના કે મંદિર મૂર્તિથી અન્ય પ્રકારના ધાર્મિક હિતના કાર્યમાં ઉપયોગ થઇ શકે કે કેમ, એ બાબતમાં ફેરવી ફેરવીને અને ફરી ફરીને પુછાતાં પણ સાક્ષીઓએ એક જ જવાબ આપ્યો હતો કે એવો કોઇ પણ ઉપયોગ અમારી ધાર્મિક માન્યતા મુજબ થઇ ન જ શકે અને એ જવાબની પરિપૂર્તિમાં તેમણે એમ ઉમેર્યું હતું કે ધારો કે આ નાણાંની આજે જરૂર ન હોય તો પણ ભવિષ્યકાળમાં નવા જૈનો થાય અને તેમના માટે મંદિરો બંધાવવાની જરૂર પડે એ માટે પણ આ દ્રવ્ય એકઠું કરી રાખવું જ જોઇએ. આ સિવાય તેમના વિચારો અને દૃષ્ટિબિન્દુઓનું ધોરણ શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ આપેલી જુબાનીને ઘણા અંશે મળતું હતું.

આ ઉપરાંત શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે તેમ જ શ્રી. ઇન્દુમતીબહેન ચીમનલાલે પણ ટેન્ડુલકર કમીટી સમક્ષ જુબાનીઓ આપી હતી. દેવદ્રવ્યના ઉપયોગ સંબંધમાં તે બન્નેનું દૃષ્ટિબિન્દુ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના દૃષ્ટિબિન્દુને લગભગ મળતું હતું. આ ઉપરાંત કેવળ કોમી ચેરીટીઓના સંચાલકોને પોતપોતાને હસ્તકની ચેરીટીઓનો વ્યાપક જનસમુદાયને લાભ આપવાની ફરજ પાડવી જોઇએ અથવા તો તેમને સરકાર તરફથી આવકવેરાની માફી વગેરે બીજી જે કોઇ રાહતો મળતી હોય તે બંધ કરવી જોઇએ એવું મન્તવ્ય શ્રી ઇન્દુમતીબહેને રજુ કર્યું હતું.

જુદા જુદા સંપ્રદાય તેમ જ સામાજિક વર્ગોની શુદ્ધ ધાર્મિક, ધાર્મિક-સામાજિક તેમજ શુદ્ધ સામાજિક આમ ત્રણ પ્રકારની સંસ્થાઓનો વહીવટ, તેનાં વધારાનાં નાણાંનો ઉપયોગ, આજે બીનજરૂરી લાગતી સખાવતેનો ઉપયોગ, આ સંસ્થાઓ ઉપર સરકારી નિયમનની આવશ્યકતા કે અનાવશ્યકતા–આ બધા પ્રશ્નો ધર્મ અથવા તો સંપ્રદાયની અને સમાજની દૃષ્ટિએ અત્યન્ત મહત્વના છે. આજે આ બધું ચાલે છે તેમ ચાલવા દેવું તે બરોબર છે કે જીવનના અન્ય ક્ષેત્રોની માફક આ વિષયમાં પણ કોઈ ફેરફારની જરૂર છે–આ પ્રશ્ન પણ એટલી જ ગંભીર વિચારણા માગે છે. આ બધી બાબતો પરત્વે જરૂરી માર્ગદર્શન મળે એ હેતુથી પ્રબુદ્ધ જૈનની સ્વીકૃત વિચારનીતિ સાથે આ જુબાનીઓમાં દર્શાવવામાં આવેલા વિચારો મળતા આવે છે કે નહિ એ વિચાર બાજુએ રાખીને પ્રસ્તુત જુબાનીઓ આટલા વિસ્તારથી પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે. આપણા સમાજના સૂત્રધારો તેમ જ વિચાર–ઘડવૈયાઓના મગજમાં કેવા કેવા વિચારતરંગો સ્ફુરી રહ્યા છે એનો પણ આ જુબાનીઓ વાંચતાં આપણને સ્પષ્ટ ખ્યાલ આવે તેમ છે. એક જ ક્ષેત્રમાં અસાધારણ પ્રતિષ્ઠા ભોગવતા શેઠ કસ્તુરભાઇ લાલભાઇ અને સર પુરૂષોતમદાસ ઠાકોરદાસ બન્નેની વિચારસરણિ આ પ્રશ્નો પરત્વે કેટલી બધી જુદી પડે છે? જ્યાં આપણે પ્રગતિશીલ વળણોની અપેક્ષા રાખી હોય ત્યાં આપણને કેવળ સાંપ્રદાયિક સંકીર્ણતા અને ધાર્મિક ઝનુનનો અનુભવ થાય છે. જ્યાં આપણે સાધારણ રીતે સ્થિતિચુસ્ત મનોદશાની સંભાવના કરી હોય ત્યાં બે ડગલાં આગળ ભરવાની તત્પરતા અને કાળબળને પરખીને નવી વાત–નવા વિચારને આવકારવાની આતુરતાનો અનુભવ થાય છે. આવી જ રીતે કાકા–સાહેબ કાલેલકર અને શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી આજના આપણા પ્રમુખ વિચારઘડવૈયા કહેવાય. તેમની વિચારણામાં કેટલાક સામ્ય સાથે કેટલું બધું વૈષમ્ય રહેલું છે એ પણ આ જુબાનીઓ વાંચતાં માલુમ પડે છે. શ્રી મુનશીની જુબાનીમાં જયપુર રાજયના બંધારણનો ઉલ્લેખ છે તેમાં કાંઇક ભુલ લાગે છે. તે જયપુર નહિ પણ ઉદેપુર હોવું જોઇએ. ધાર્મિક ચેરીટીનાં નાણાં કેવળ ધાર્મિક બાબતોમાં જ વપરાવા જોઇએ અને સમાજોપયોગી કે લોકકલ્યાણસાધક કાર્યોમાં તેનો વ્યય કરવો ન જોઇએ એવી ચોક્કસ રજુઆત કર્યા બાદ આવી

કઇ કઇ બાબતો ગણાય તેની વિગતમાં ઉતરતાં ગૌશાળા, સંસ્કૃત પાઠશાળા, આયુર્વેદ શિક્ષણશાળા, સંગીત વિદ્યાલય–આ બધા માર્ગોએ આ નાણાંનો ઉપયોગ થઇ શકે છે એમ જ્યારે શ્રી મુનશી જણાવે છે ત્યારે શા માટે આર્ટ્સ કોલેજ નહિ કે એક મોટું હોસ્પીટલ નહિ–આ પ્રશ્નનું કોઇ સમાધાન આપણને મળતું નથી. વળી તેઓ આવાં ધાર્મિક નાણાંનો સંગીતવિદ્યાલય ચલાવવામાં ઉપયોગ થાય તેમાં વાંધો જોતા નથી, પણ બ્રહ્મભોજન માટે નિર્માણ કરવામાં આવેલી રકમનો ઉપયોગ અત્યન્ત જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ કે અન્ય કોઇને ભોજન આપવા પાછળ થઇ શકે કે કેમ એમ જ્યારે તેમને પૂછવામાં આવે છે ત્યારે શ્રી મુનશી જણાવે છે કે "એમ કરી શકાય એમ હું નથી ધારતો. બ્રહ્મભોજન અટકાવવું એ લોકો ઉપર એક નવો ધર્મ લાદવા બરોબર છે, અને આ લોકો પસંદ નહિ કરે. બ્રહ્મભોજન એ ધર્મનો જ એક અંગભૂત વિભાગ છે!' આ જવાબ ભારે વિસ્મય પેદા કરે છે. વળી દેવદ્રવ્યના નાણાંમાંથી લહીઆઓ નીમાવાતા, ગ્રંથો લખાવાતા અને ગ્રંથભંડારો ઉભા કરવામાં આવતા હતા એ તેમનું વિધાન તદ્દન ખોટું છે. તદુપરાન્ત દેવદ્રવ્યના એકાન્તિક ઉપયોગની તેઓ સ્તુતિ કરે છે, છતાં જ્ઞાન અને શિક્ષણના પ્રચાર પાછળ તેનો ઉપયોગ કરવાની તેઓ ભલામણ કરે છે. આ પણ પરસ્પરવિરોધી છે. આ રીતે શ્રી મુનશીની જુબાની સ્થિતિચુસ્તો તેમ જ પ્રાગતિક વિચારકો ઉભયને રાજી રાખવાનો પ્રયત્ન સેવતી હોય એવાં ચિત્રવિચિત્ર વિધાનોથી ભરપુર હોઇને આપણને અમુક અંશે નિરાશ કરે છે.

દેવદ્રવ્યની સંસ્થા અને તેના ઉપયોગ વિષેની પરંપરાગત માન્યતા આજે ચલે છે તેમ જાણે કે અનાદિકાળથી ચાલી આવે છે એવી સામાન્ય જૈન સમાજની માન્યતા કેટલી પાયા વિનાની છે અને કાળે કરીને કોઇ પણ સામાજિક કે ધાર્મિક રૂઢિનો ઉચ્છેદ થાય છે અને તેનું સ્થાન નવી રૂઢિ લે છે–આ ઐતિહાસિક તથ્ય મુનિ જિનવિજયજીની અને પંડિત બેચરદાસની જુબાની ઘણો નવો અને મૌલિક પ્રકાશ પાડે છે. આ સામે આજનો સ્થિતિચુસ્ત સમાજ ધુંવા પુંવા થઇ રહ્યો છે અને ગમે તેવી ભાષામાં પોતાનો રોષ ઠાલવી રહ્યો છે, પણ એ સમાજે આખરે આ ઐતિહાસિક સત્ય સ્વીકાર્યે જ છુટકો છે અને કાળબળ અને સામાજિક પરિવર્તનો આજે આપણી સંસ્થાઓના સ્વરૂપ તેમ જ સંચાલનમાં જે ફેરફારો માંગી રહેલ છે તે સ્વેચ્છાએ કે ફરજિયાત રીતે સ્વીકાર્યે જ છુટકો છે.

## ટેન્ડુલકર કમીટી સામે જૈનોની વિરોધસભા

તા. ૨૭–૬–૪૮ રવિવારના રોજ લાલબાગના ઉપાશ્રયમાં શેઠ અમૃતલાલ કાળીદાસના પ્રમુખપણા નીચે જૈનોના મૂર્તિપૂજક વિભાગની એક જાહેર સભા મળી હતી. આ સભામાં જૈન કોમનાં સ્ત્રી પુરૂષો સારી સંખ્યામાં હાજર થયાં હતાં. ટેન્ડુલકર કમીટી સામે જૈન સમાજનો વિરોધ રજુ કરવા માટે કેટલાક આગેવાન જૈનોની સહીથી આ સભા બોલાવવામાં આવી હતી. ટેન્ડુલકર કમીટીએ જુબાનીઓ લેવાનું કાર્ય પુરૂં કર્યું છે અને સાંભળવા મુજબ તે કમીટીએ પોતાનો રીપોર્ટ ઘડીને મુંબઇ સરકાર ઉપર મોકલી આપ્યો છે. આ રીપોર્ટ હજુ અપ્રગટ છે. જ્યાં સુધી આ રીપોર્ટ પ્રગટ ન થાય અને એમાંની વિગતો જાણવા ન મળે ત્યાં સુધી ટેન્ડુલકર કમીટી વિષે સભા ભરવી અને ઠરાવ કરવો એ કોઇ પણ રીતે યોગ્ય ન જ ગણાય. અલબત્ત ટેન્ડુલકર કમીટીએ જે કાંઇ પ્રશ્નો પુછ્યા હોય અને સાક્ષીઓ સાથે ચર્ચા કરી હોય તે ઉપરથી તેના મનનું શું વળણ છે એ વિષે કેટલુંક અનુમાન જરૂર થઇ શકે, પણ માત્ર અનુમાન ઉપરથી આવી વિરોધસભા બોલાવવી એ જાહેર જીવનની સભ્યતા તેમ જ ઔચિત્યના ધોરણ સાથે સંગત ન ગણાય. આમ છતાં પણ જ્યારથી ટેન્ડુલકર કમીટીના કાર્યપ્રદેશ અને તેની સમક્ષ પડેલી જુબાનીઓની વિગતો બહાર આવવા લાગી છે ત્યારથી જૈન સમાજમાં તો એક જ પ્રકારનું વાતાવરણ કેળવાવા લાગ્યું છે કે આવી કમીટી દ્વારા રીપોર્ટ મેળવીને મુંબઇ સરકાર પોતાને ફાવે તેવો કાયદો કરવા માંગે છે અને જૈનોના મંદિરોની મીલ્કત ઝુંટવી લેવા માંગે છે (જે અનુમાનને કશો જ પાયો નથી) અને આ વાતાવરણ નીચે જે ઉકળાટ પેદા થઇ રહ્યો હતો તેનું જ આ સભા સ્વાભાવિક પરિણામ હતું.

આ સભામાં ત્રણ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. પહેલો ઠરાવ નીચે મુજબ હતો :—

'હિંદુ તેમ જ જૈન ધાર્મિક અને સામાજિક સખાવતી ફંડોના વહીવટ અંગે તપાસ કરવા અને યોગ્ય ભલામણો કરવા માનનીય ન્યાયમૂર્તિ શ્રી ટેંડુલકરના અધ્યક્ષપદે મુંબઇ સરકારે જે કમીટી નીમી છે તે કમીટી મજકુર તપાસના પરિણામે પોતાની ભલામણોમાં જે નિમિત્તે સખાવતો કરવામાં આવી હોય તેની મર્યાદામાં ફેરફાર કરવા અને તે બીજી રીતે ખર્ચવા એવી કોઇ પણ ભલામણ કરે તો તે તરફ મુંબઇના જૈનોની આ જાહેર સભા પોતાનો સખ્ત અણગમો અને વિરોધ જાહેર કરે છે.'

જ્યારે આવેશ અને અધીરાઇ શાણપણ અને ધીરજનું સ્થાન લે છે ત્યારે જ આવો 'જો...તો' વાળો ઠરાવ કરવાનું બને છે. આવા ઠરાવથી અને ધાકધમકીથી આવી સમર્થ કમીટી ડરી જશે અને પોતે કરેલા નિર્ણયો ફેરવી નાંખશે એવી કલ્પના આ સભાજનોમાંથી કોઇએ પણ સેવી હોય તો તે ખરેખર વધારા પડતી ગણાય. આ સભાનો બીજો ઠરાવ શ્રી. કસ્તુરભાઇ લાલભાઇએ પોતાની જુબાનીમાં જે વિચાર તેમ જ વલણ દર્શાવેલ છે તેનું અનુમોદન કરનારો હતો અને તે માટે તેમને અભિનન્દન આપનારો હતો. ત્રીજો ઠરાવ ઉપરના ઠરાવોને અંગે ઘટતી કાર્યવાહી કરવા સોળ સંભવિત ગૃહસ્થોની એક સમિતિ નીમવાને લગતો હતો.

આ સભામાં મુંબઇ સરકારની નીતિ અને કાર્યપદ્ધતિ વિષે સખ્ત આક્ષેપો કરવામાં આવ્યા હતા અને શ્રી. શિવલાલ નરપતલાલ મણિયારે તો એટલે સુધી જણાવ્યું હતું કે "મોગલોની જેમ ધાર્મિક અને ઝનુની તરીકે કોંગ્રેસ સરકાર પણ ગણાશે. મોગલો બળથી દબાવતા હતા અને આજે કોંગ્રેસ સરકાર કાયદાના નામે બળ વાપરીને આપણને દબાવે છે. જૈનોના પૈસા પર તરાપ મરાય છે, પણ પૈસાવાળાઓ પાસેથી પૈસા કેમ પડાવતા નથી? દેવદ્રવ્ય પર કેમ નજર પડી છે?' (મુંબઇ સમાચારના રીપોર્ટ મુજબ) આ ઉદ્‌ગારોમાં નથી વિવેક, નથી પ્રમાણબુદ્ધિ. કેવળ ઉકળાટ અને ઝનુનનું જ પ્રદર્શન છે.

પણ આને પણ ટપી જાય એવું તો સભાના પ્રમુખ શ્રી અમૃતલાલ કાળીદાસનું વકતવ્ય હતું. તેમણે (મુંબઇ સમાચારમાં પ્રગટ કરવામાં આવ્યું છે તે મુજબ) જણાવ્યું હતું કે 'ધર્મના મૂળ ઉપર ઘા કરવા અંગેનો આજે પ્રશ્ન ઉભો થયો છે અને આવી વિષમ પરિસ્થિતિ અંગે આપણી કોમમાં મતભેદ જેવું કશું જ રહ્યું નથી. જો આપણે સંગઠિત થઇશું તો ટેન્ડુલકર કમીટી તો શું પણ કોઇ પણ સત્તાની મજાલ નથી કે તે આપણી વચ્ચે આવે. મુઠ્ઠીભર સુધારકો જેઓ એક ટકા જેટલા પણ નથી તેઓ જૈન ધર્મ ઉપર કુહાડા મારવા છેલ્લા ૨૫ વર્ષોથી વ્યર્થ પ્રયાસ કરી રહ્યા છે. તેઓમાંના કેટલાકો અવળી જુબાનીઓ આપી આવ્યા છે. પરમાનંદ કુંવરજી કાપડીઆની જુબાની વાંચીને મારૂં લોહી ઉકળી આવ્યું છે. દીવો કરવાની, આંગી કરવાની શી જરૂર છે એમ કહેવાનો પરમાનંદ કાપડીઆને શું અધિકાર છે? તેઓના પિતાશ્રી જો હાલમાં હોત તો તેમણે કમીટી સમક્ષ બીલકુલ જુદી જ જુબાની આપી હોત. તમારે એવા મુઠ્ઠીભર સુધારકોને ફેંકી દેવા જોઇએ અને આજથી પ્રતિજ્ઞા કરવી જોઇએ કે

યુવક સંઘની કોઇ પણ પ્રવૃત્તિને ટેકો આપવો તેમ જ નાણાંકીય મદદ આપવી નહિ. તેઓ જ્યારે કશું બનતું નથી ત્યારે રાજ્ય-સત્તાનો આશરો લે છે. (શેઇમ-શેઇમ-શરમ-શરમના પોકારો અને એવાઓને સંઘ બહાર મૂકવાનો સભાજનોનો અવાજ).

"દેવદ્રવ્યમાં રોકાયલું નાણું અતિ ઘણું છે એમ ટેન્ડુલકર કમીટી માને છે એ ભ્રમ છે. જીર્ણોદ્ધાર પ્રવૃત્તિ જો આદરીએ તો સહેજે લાખો નહિ પણ કરોડો રૂપીઆની હજી જરૂર રહે છે. દિગંબર શ્વેતંબર સ્થાનકવાસી જૈનોમાં જો મત લેવાય તો સુધારક પક્ષમાં એક ટકો પણ ભાગ્યે જ નીકળશે. આપણી સરકારને આપણે ટેકો આપવો જોઇએ. પણ જો ધર્મમાં વિક્ષેપ નાંખે તો શું કરવું? અન્તમાં આપણી સરકારને હું નમ્ર પણ મક્કમપણે જણાવું છું કે ધર્મમાં વિક્ષેપ કરવો એ આગ સાથે ખેલવા બરોબર છે અને તેવો વખત આવ્યે ક્ષત્રીય બનીને પણ જૈનો સામનો કરશે.'

આ પ્રવચન સ્વત: જ પોતાનું પોત પ્રગટ કરે છે તેથી તેની વિશેષ સમાલોચનાની જરૂર છે જ નહિ. માત્ર બે ત્રણ બાબતોનો આપણે વિચાર કરીએ. એક તો તેમણે મારા વિષે જે અંગત ઉલ્લેખ કર્યો છે તેના જવાબમાં જણાવવાનું કે શ્રી અમૃત-લાલ કાળીદાસને જેમને અમો બધા અમુભાઇના નામથી ઓળખીએ છીએ તેમને મારા એક મુરબ્બી સમાન હું લેખું છું અને તેમનો મારી ઉપર સારો સદ્‌ભાવ છે એવો મારો ખ્યાલ છે. તેથી મારી જુબાની વાંચીને તેમનું લોહી ઉકળી આવ્યું તે જાણીને મને ખરેખર દુ:ખ તેમ જ ચિન્તા થાય છે. મારી જુબાનીની ભાષા ફરી ફરીને વાંચતાં વિચારતાં કેઇનું પણ દિલ દુ:ખાય એવું એક પણ વાક્ય મારી નજરે પડતું નથી. પણ તેમનો વાંધો મારી ભાષા સામે નહિ હોય! મારા વિચારો સામે હશે! પણ આ બાબતમાં હું કેવળ નિરૂપાય હતો. મને જ્યારે નાજુક પ્રશ્નો પૂછવામાં આવે ત્યારે મને જે સત્ય અને વ્યાજબી લાગે તે જ મારે કહેવાનું રહ્યું. શ્રી. અમુભાઇ ઉપર મારા કથનનું આટલું બધું અનિષ્ટ પરિણામ આવશે એવી મને કલ્પના નહોતી અને તે માટે હું ખરેખર દિલગીર થાઉં છું અને તેમની વર્તમાન નાજુક તબીયત જોતાં આવી બાબતો બહુ મન પર ન લેવા હું વિનંતિ કરૂં છું. આવી બાબતોમાં અભિપ્રાય આપવાનો મને શું અધિકાર છે એવો શ્રી અમુભાઇનો પ્રશ્ન છે. શ્રી અમુભાઇ જેટલી ઉંડી ધર્મશ્રદ્ધા, સંપ્રદાયનિષ્ટા, કે ધાર્મિક ઝનુન હોવાનો તેમ જ ધર્મશાસ્ત્રોનું બહું ઉંડું જ્ઞાન હોવાનો જરૂર મારો કોઇ દાવો નથી. પણ જૈન સંસ્કારમાં હું ઉછર્યો છું, જૈન સમાજ સાથે મારો ગાઢ સંબંધ છે, જૈન સમાજના સાચા ઉત્કર્ષ અને શ્રેય પ્રત્યે મારા દિલની સહાનુભૂતિ છે, સત્યનિષ્ટા તથા શ્રેયનિષ્ટા એ મારા જાહેરજીવનનાં પ્રેરક બળો છે અને આ ઉપરથી જૈન સમાજને લગતી અનેક બાબતો વિષે મને બોલવાનો અધિકાર છે એમ હું નમ્રપણે માનું છું. આટલું શ્રી અમુભાઇને મન પુરતું ન હોય એમ બનવા જોગ છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ઉપર તેઓ ખુબ રોષે ભરાયા લાગે છે. આવા મુઠ્ઠીભર સુધારકોને ફેંકી દેવાનું તેઓ સભાજનોને આવ્હાહન કરે છે. મુંબઇ જૈન યુવક સંઘ અને તે સંઘના સુધારક સભ્યો સંબંધમાં તેમને આટલી કડક નોંધ લેવી પડે છે—એ મુંબઇ જૈન યુવક સંઘની ચરિતાર્થતા પુરવાર કરે છે. મુંબઇ જૈન યુવક સંઘ જ્યાં સુધી પોતે નક્કી કરેલા આદર્શ ઉપર ઉભો છે ત્યાં સુધી તેને જરા પણ આંચ આવવાનો સંભવ છે જ નહિ. સહકાર મુંબઇ જૈન યુવક સંઘ સૌ કોઇનો વાંછે છે. એમ છતાં પણ તે ઉભો છે પોતાના પગ ઉપર, પોતાની સત્યનિષ્ટા ઉપર. આ સામુદાયિક ઉકળાટમાં મુંબઇ જૈન યુવક સંઘ પોતાના હેતુ અને કાર્યની સફળતા જોઇ રહેલ છે. સામાન્ય માન્યતા એવી છે કે સંઘબહિષ્કારનો જમાનો હવે ગયો છે, પણ સંભવ છે કે આજનો ઉકળાટ જોતાં એ માન્યતા ખોટી પડે. તો તે સંબંધમાં જણાવવાનું કે આવા મુદ્દા ઉપર સંઘબહિષ્કારને મુંબઇ જૈન યુવક સંઘ સદા આવકારે છે. શરમ શરમ અને સંઘબહિષ્કાર કોઇ પણ સુધારકના માર્ગમાં રહેલી સ્વાભાવિક આપત્તિઓ છે.

આ પ્રશ્ન સંબંધમાં શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાય તેમ જ દિગંબર સંપ્રદાયના અનુયાયીઓ સૌ કોઇ પોતાની સાથે છે એવી કલ્પનામાં રાચવાની શ્રી અમુભાઇને સંપૂર્ણ છુટ છે. પણ સ્થાનકવાસી સમાજ પોતાની સાથે છે એવી તેમની માન્યતા કેવળ પાયાવિનાની ભ્રમણા છે. ઉલટું સ્થાનકવાસી બંધુઓ દેવદ્રવ્યનો ઉપયોગ સામાજિક કલ્યાણના કાર્યમાં થતો જોવાને અમો સુધારકો કરતાં પણ વધારે આતુર હોય એવો વધારે સંભવ છે.

છેવટે આ બાબતમાં પોતાનું ધાર્યું નહિ થાય અને સરકાર પોતાને પ્રતિકુળ એવો કોઈ કાયદો કરી બેસશે તો ક્ષત્રીય બનીને પણ જૈન સમાજ એનો સામનો કરશે એમ જ્યારે શ્રી. અમુભાઇ મુંબઇ સરકારને ધમકી આપે છે—ચેલેંજ આપે છે ત્યારે મારી તો મુંબઇ સરકારને વિનંતિ છે કે તેણે હીંમત પૂર્વક આ બાબતમાં જરૂર કાયદો કરવો જ. આમ થવાથી એક સાથે બે લાભ થશે. એક તો સ્થગિત થઇ બેઠેલું માત્ર જૈન મંદિરોનું જ નહિ પણ સર્વ હિંદુ મંદિરોનું લાખોની સંખ્યામાં મપાતું નાણું સમાજ-કલ્યાણના માર્ગે વહેતું થશે અને બીજું જૈન સમાજને ખરેખર અમુક અંશમાં જે ક્ષત્રીયવટની જરૂર છે તે આપોઆપ પેદા થશે. આ તો સહજ વિનોદઉક્તિ છે, પણ અહિં એ તો સ્પષ્ટ કહેવું જ જોઇએ કે જૈન જેવી શાણી અને સમજુ પ્રજાને આવી ધાકધમકીના વાણીપ્રયોગો શોભતા નથી. અવશ્ય આ સરકારે એક પણ ઉતાવળીયું પગલું ભરવું ન જોઇએ, ચાલુ સામાજિક કે ધાર્મિક જીવનમાં બીનજરૂરી દખલગીરી કરવી ન જોઇએ, સાર્વજનિક સમાજશ્રેયને લક્ષમાં રાખીને જ તેમ જ સીધાં તથા આડ-કતરાં સર્વ પરિણામોની પુરી ગણતરી ગણીને સમાજને જેમાં અનેક રીતે લાભ થવાની ખાત્રી હોય એવા જ કાયદાકાનુન આપણી સરકારે હાથ ધરવા જોઇએ. આમ છતાં પણ આવી ધાકધમકી અને ડરામણીથી જે સરકાર બી જાય અને પોતાનાં માર્ગે મક્કમ-પણે ચાલવાની તાકાત દાખવી ન શકે એ સરકાર એક ઘડિભર પણ આ દેશ ઉપર રાજ્ય ચલાવવાની યોગ્યતા ધરાવતી નથી એમ વિચારવામાં બે મત હોઇ ન જ શકે. આપણી સરકાર એવી ડરપેક કે ભીરૂ નથી. સુધારકો માટે આપણા સ્થિતિચુસ્ત ભાઇઓ ફાવે તેવી ભાષા વાપરે, અને ડરામણી બતાવે તેનો હિસાબ અંદર અંદર સમજી લેવાશે, પણ સરકાર સાથેના વ્યવ-હારમાં આવી રીતની બોલીચાલી આખરે આપણને જ—આખા જૈન સમાજને જ—ખતરનાક નીવડવાની છે એ સૌ કોઇએ સમજી લેવું ઘટે છે. આ રીતે આ સભાએ જે દેખાવ અને જૈન સમા-જના ચોક્કસ વિભાગના માનસનું જે સ્વરૂપ રજુ કર્યું છે તે જૈનોને માટે બીલકુલ શોભાસ્પદ નથી.

## ટેન્ડુલકર કમીટી વિષે અમદાવાદ જૈન યુવક સંઘના ઠરાવો

તા. ૧-૭-૪૮ બુધવારના રોજ અમદાવાદના સકળ જૈન સંઘના નામે નગરશેઠના વંડે જૈનોની એક સભાએ જાહેર ટ્રસ્ટ-ફંડોની તપાસ અંગે નીમાયેલી ટેન્ડુલકર કમિટી સામે વિરોધ વ્યક્ત કર્યો હતો. આ સંબંધી વિચારણા કરવા શ્રી અમદાવાદ જૈન યુવકની કાર્યવાહક સમિતિની એક સભા તા. ૨-૭-૪૮ ને શુક્રવારના રોજ મળી હતી, જે વખતે નીચેના ઠરાવો પસાર કરે-વામાં આવ્યા હતા.

(૧) હિન્દુ તેમ જ જૈન ધાર્મિક ટ્રસ્ટો અને ફંડોના વહિવટ અંગે તપાસ કરવા અને યોગ્ય ભલામણો કરવા જસ્ટીસ શ્રી ટેન્ડુલકરના અધ્યક્ષપદે સરકારે જે કમિટી નીમી છે તેની સાથે અમદાવાદના સકળ જૈન સંઘને નામે બેએક દિવસ પર જે ઠરાવ પસાર કરવામાં આવ્યા છે તે એકતરફી છે. સકલ સંઘની આ

મીટીંગની અગાઉથી જાહેરાત થઇ નથી. જે દિવસ સવારમાં મીટીંગ થવાની હતી તે જ દિવસે સવારમાં સ્થાનિક પત્રોમાં તેના સમાચાર પ્રકટ થયા હતા, જેથી કેઇ આ સભામાં ભાગ લઇ શકે જ નહિ. આવી સભા માટે અઠવાડીઆ પહેલાં જાહેરાત થવી જોઇએ તે પણ થઇ નથી. માત્ર રૂઢીચુસ્ત પક્ષના કેટલક સભ્યોએ "સકળ જૈન સંઘ" ના નામે આ ઠરાવ કરેલ છે. તે તરફ શ્રી ટેન્ડુલકર કમિટીનું અમદાવાદ જૈન યુવક સંઘ ધ્યાન ખેંચે છે અને તેનાથી દોરવાઇ નહિ જવા વિનંતિ કરે છે.

(૨) શ્રી ટેન્ડુલકર કમિટી સમક્ષ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ શેઠે આપેલી જુબાની માત્ર રૂઢીચુસ્ત વર્ગનો પક્ષ જ કરે છે. તેમની જુબાની જોઇ જતાં હરકોઇને લાગશે કે શાસ્ત્રને આધારે તેમણે એકે દલીલ કરી નથી. જૈનો અને હિંદુઓને કેટલીક બાબતોમાં અલગ ગણવાની તેમની માંગણીથી આ યુવક સંઘને દુઃખ થયું છે. અમદાવાદ જૈન યુવક સંઘ જૈન સમાજને હિન્દુ સમાજનો જ એક ભાગ માને છે અને એ માન્યતાને ભારપૂર્વક કમિટી સમક્ષ રજુ કરે છે. શ્રી ટેન્ડુલકર કમિટી સમક્ષ પંડિત શ્રી બેચરદાસ, મુનીશ્રી જિનવિજયજી, શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ, શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે તથા શ્રી ઇન્દુમતી બહેને આપેલી જુબાનીને આ યુવક સંઘ અનુમોદન આપે છે. અને કમિટીને વિનંતિ કરે છે કે આ વીસમી સદીમાં જીવવા છતાં બારમી સદીના મધ્યયુગી વિચાર ધરાવતા કેટલાક વૃધ્ધોના એક સરખા અને એક જ ઢબના વિરોધને લક્ષમાં ન લેતાં સંઘ અને સમાજને ઉપયોગી થાય એવી ભલામણો મુંબઇ સરકારને જરા પણ વિલંબ વિના કરવા ટેન્ડુલકર કમીટીને વિનંતિ કરે છે, અને મુંબઇ સરકારને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે કે આ ભલામણો પરથી ટ્રસ્ટો અને ફંડોને વ્યવસ્થિત કરવા માટે તાત્કાલીક પગલાં ભરે.

## નવાં મંદિરો બાંધવા માટે સરકારી પરવાનગી

તા. ૧૩-૬-૪૮ ના 'જૈન' પત્રમાં "શ્રી પરમાનંદભાઇએ ફરીથી વિચારી જોવા જેવી સૂચના" એ મથાળાથી એ પત્રના તંત્રીમહાશયે અગ્રલેખ લખ્યો છે. ટેન્ડુલકર કમીટી સમક્ષ મેં આપેલી જુબાની દરમિયાન અમુક એક પ્રશ્નના ઉત્તરમાં મેં જે કાંઇ જણાવેલું તે મુદ્દાની આ લેખમાં ચર્ચા કરવામાં આવી છે. આ પ્રશ્ન-ઉત્તર નીચે મુજબ છે.

પ્રશ્ન : માત્ર જૈન મંદિરો સંબંધમાં જ નહિ પણ બધાં જ દેવમંદિરો સંબંધમાં અમારી કમીટી આગળ એક એવી સૂચના કરવામાં આવી છે કે જ્યાં મંદિરોની પૂરતી સંખ્યા હોય ત્યાં નવાં મંદિરો ઉભા કરવાની મનાઇ કરવી જોઇએ. તમારો પણ આવો અભિપ્રાય છે ?

ઉત્તર : હું તો એવો કાયદો કરવાની સૂચના કરૂં કે જેથી કોઇ પણ નવું મંદિર બંધાતાં પહેલાં સરકારની ફરજિયાત પરવાનગી લેવી ન પડે અને સરકાર આ સત્તાનો, હું આશા રાખું છું કે; પુરી સમજણપૂર્વક ઉપયોગ કરશે જ્યાં નવું મંદિર બાંધવાની માંગણી હોય અને તેની ખરેખર જરૂર હોય ત્યાં આવી માંગણીને મંજુરી મળવી જોઇએ."

આ મારી સૂચના વિષે તેઓ જણાવે છે કે "નવા મંદિરો બાંધવા માટે ફરજિયાત રીતે સરકારી પરવાનગી લેવાની આ સૂચના પ્રત્યે રૂઢિચુસ્ત મહાનુભાવોનો તો વિરોધ છે જ, પણ સુધારકો પણ એવી સૂચના પ્રત્યે પોતાનો અણગમો દર્શાવે તો ના નહિ. અમારી દૃષ્ટિએ તો આ સૂચના જૂના કે નવા માનસની દ્યોતક છે જ નહિ, એ તો સૌ કોઇના માટે સમાન રીતે વિરોધ કરવા લાયક સૂચના છે. આવી સૂચનાનો અમલ કરવામાં આવે તો અધોગતિના માર્ગે ધસતી આપણી પ્રજાની અધોગતિનો આંક આવી જાય અને તેથી આવી કોઇ પણ સૂચના અંગે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય દર્શાવવાની અમારી સૌ કોઇની ફરજ છે એમ અમને લાગે છે." આમ જણાવીને આજે જે તે બાબતમાં કાયદો કરવાની તેમ જ કરાવવાની રાજ્યકર્તાઓને અને પ્રજાજનોને લત લાગી છે અને પરિણામે કાયદો અને કાયદાભંગનું આપણે ત્યાં જે વિષમય ચક્ર ફેલાતું જાય છે તેનાં માઠાં પરિણામો વિષે તેમણે કેટલુંક વિવેચન કર્યું છે અને છેવટે તંત્રીમહાશય બહુ વિનીતભાવે જણાવે છે કે "આશા છે કે શ્રી પરમાનંદભાઇ આ સંબંધી ફરીથી વિચાર કરી જોશે અને તેમણે કરેલ સુચનમાં જો કંઇ વિચારદોષ કે ફેરફાર કરવા જેવું લાગે તો તેનો સ્વીકાર કરીને એ અંગે સત્વર ઘટતું કરશે.'

આ લેખ પાછળ મારા વિષે એટલો બધો સદ્ભાવ અને વિશ્વાસ રહેલો અનુભવું છું કે એ ખાતર પણ આ બાબતને લગતો મારા મતનો આગ્રહ છોડી દઉં અને તેમની અપેક્ષા મુજબ આવી સરકારી પરવાનગીને મેં આપેલો ટેકો પાછો ખેંચી લઉં એમ બે ઘડી મન થઇ આવે છે, અને આવો અભિપ્રાય દર્શાવવામાં મેં જરા પણ ઉતાવળ કરી છે એમ જો મને લાગત તો જરૂર હું એ મુજબ જ વર્તત. પણ આ બાબત વિષે ફરી ફરીને વિચાર કરતાં પણ મને મારા અભિપ્રાયમાં જરા પણ ફેરફાર કરવાની જરૂર નથી લાગતી એક બાજુએ આજે આપણાં સંખ્યાબંધ મંદિરો સંભાળના અભાવે, દ્રવ્યના અભાવે, પૂજા કરનારાઓના અભાવે જીર્ણ થતાં અને નાશ પામતા ચાલ્યા છે એમ આપણે પોકાર કરીએ છીએ, એવાં કેટલાંયે સ્થળો આપણી આંખ સામે છે કે જ્યાં એક અથવા બે મંદિરની જરૂર હોય ત્યાં નજીક નજીકમાં પાંચ પાંચ મંદિરો ઉભાં કરવામાં આવેલાં હોય છે. આવી પરિસ્થિતિમાં બીજી બાજુએ જ્યાં જેને જેને જેટલાં મંદિરો ઉભા કરવા હોય ત્યાં તેને તેને તેટલાં મંદિરો ઉભા કરવાની છુટ હોવી જોઇએ એમ કહેવું એનો અર્થ તો એ થયો કે આ બાબતમાં આપણે આપણી વિવેકબુદ્ધિ કશો જ ઉપયોગ કરવા માંગતા નથી. આવી બાબતમાં જૈન સંઘ પણ કશું જ નિયંત્રણ કરવાની સત્તા ધરાવતો નથી. બાજુએ શત્રુંજયતીર્થના ઢગલાબંધ આલીશાન મંદિરો હોવા છતાં શ્રી વિજયનેમિસૂરિએ કદંબગિરિ ઉપર મંદિરો બંધાવવા પાછળ લાખો રૂપીઆનો ખર્ચ કરાવ્યો છે. જૈન સમાજની સંપત્તિનો આવો દુર્વ્યય કરાવવાનો તેમને શું હક્ક હતો એમ તેમને કોઇ પૂછી શકે તેમ છે? એ જ સૂરિસમ્રાટે તળાજાની નાની ટેકરી ઉપર એક સુંદર વિશાળ મંદિર હતું અને ટોચ ઉપર પણ એક નવું નમણું મંદિર હતું તેથી સંતોષ ન માનતાં બીજું એક મોટું મંદિર ઉભું કરાવ્યું છે. આની શું જરૂર હતી એમ શું કોઇ તેમને પુછી શકે તેમ છે ? કોઇ પણ મંદિર ઉભું થાય એ તે સમાજની એક વધારાની જવાબદારી વધે છે. મુંબઇમાં દિગંબરોની ઘણી જ ઓછી વસતી છે અને તેમના માટે પાયધુની ઉપર, લાલબાગ પાસે તેમ જ અન્યત્ર પુરતાં મંદિરો છે. આમ હોવા છતાં કોઇ એક મારવાડીભાઇ મોતીના ધંધામાં લાખો રૂપીઆ કમાયા કે એક નવું મંદિર બંધાવવાનો તેમને વિચાર આવ્યો અને કાલબાદેવી રોડ ઉપરના ધીચ લત્તામાં છેલ્લા આઠ વર્ષથી લાખોના ખર્ચે એક નવું મંદિર ચણાઇ રહ્યું છે. જ્યારે પરતુન સમાજ કે સંઘ આ બાબતમાં વિવેક વાપરી શકતો ન હોય તેમ જ નિયંત્રણ દાખવી શકતો ન હોય ત્યારે આવી રીતે વેડફાતાં નાણાં અને જ્યાં ત્યાં ઉભા થતાં બીનજરૂરી મંદિરો ઉપર અંકુશ મૂકાવો જ જોઇએ. જે તે બાબતમાં કાયદો કરવા કે કરાવવાનો હું કશો મોહ ધરાવતો નથી. એમ છતાં જરૂરી બાબતમાં કાયદાને નોતરતાં હું જરા પણ અચકાતો નથી. મંદિર બાંધવામાં વિવેક વપરાવાની જરૂરિયાત આજે તો સૌ કોઇ સ્વીકારે છે. આ સ્વીકારને કાયદાનું સત્તાવાહી સ્વરૂપ મળે એમાં કોઇને કશું નુકસાન થવાનું નથી, એટલું જ નહિ પણ પ્રજાની ઉન્નતિમાં આવો કાયદો મદદરૂપ જ થવાનો છે એવું મારૂં માનવું છે.

આમ છતાં મંદિરો બાંધવા સંબંધમાં કોઇ પણ સરકારી સત્તાની આડખીલ હોવી ન જોઇએ અને દરેક ધર્મ, સંપ્રદાય યા વર્ગને આ બાબતમાં પુરી છુટ હોવી જોઇએ એવો પણ એક અભિપ્રાય હોઇ શકે છે એ હું સમજી શકું છું. હું જે નથી સમજી શકતો તે તો આ છે. તેઓ જણાવે છે કે, "મારી સુચનાનો અમલ કરવામાં આવે તો અધોગતિના માર્ગે ધસતી આપણી પ્રજાની અધોગતિનો આંક આવી જાય." પહેલાં તો આપણો સમાજ ખરેખર અધોગતિના માર્ગે ધસી રહી છે એ સ્વીકારવાને હું તૈયાર નથી. બીજું મારી સુચનાના પરિણામે ધારો કે પાંચ પચાસ મંદિરો ઓછા બંધાયાં તો તેમ થવાથી 'આપણી સમાજની અધોગતિનો આંક આવી જાય'–આવી સંભાવના માટે મને કોઇ પણ શોધ્યો આધાર જડતો નથી. ધાર્મિક બાબતો વિષેના મતભેદો કોઇ એવા વિચિત્ર છે કે તેનો વિચાર અને ચર્ચા કરતાં આપણે આપણી તુલનાબુદ્ધિ જાળવી શકતા નથી અને પોતાને અનુકુળ વિચાર પ્રમાણે અમલ થતાં સમાજ ઉત્કર્ષની ઉત્કૃષ્ટતમ કોટિએ પહોંચી જશે અને પોતાને પ્રતિકુળ વિચાર મુજબ અમલ થતાં સર્વનાશ આવીને ઉભો રહેશે આમ વિચારવાની અને જે તે બાબતમાં આવી અંતિમ કોટિની પ્રરૂપણા કરવાની આપણને ટેવ પડી ગયેલી માલુમ પડે છે. ઉપરની અત્યુક્તિમાં પણ મને આવા જ કોઇ માનસિક વળણનું દર્શન થાય છે એમ કહું તો જૈન પત્રના તંત્રીમહાશય મને માફ કરશે.

## સૌરાષ્ટ્ર સરકાર પ્રત્યે જૈન સમાજ શી રીતે કૃતજ્ઞતા દાખવશે ?

સૌરાષ્ટ્ર સરકારે શત્રુંજયનો કરવેરો હંમેશાને માટે માફ કર્યો તે માટે ચારે બાજુએથી જૈન સમાજે અભિનન્દન અને ધન્યવાદના તારો કર્યા અને આટલી શીઘ્રતાથી આ કાર્ય કરવામાં આવ્યું તે કારણે જૈન સમાજના આનંદનો પાર ન રહ્યો. સૌરાષ્ટ્ર સરકારના આ પગલાની વિશેષતા તો એમાં છે કે આવું સ્તુત્ય પગલું ભરવા માટે સૌરાષ્ટ્ર સરકારે નથી કોઇ વાટાઘાટોની આંટીઘુંટી ઉભી કરી કે આના બદલામાં જૈન સમાજ કાઠિયાવાડની પ્રજાને શું લાભ આપશે એવી નથી કોઇ અપેક્ષા દાખવી કે સોદાની રીત અખત્યાર કરી. હવે જ્યારે સૌરાષ્ટ્ર સરકારે સરળપણે અને સીધી રીતે ઉદાર દિલથી જૈન સમાજને અત્યન્ત ડંખતા એવા આ મુંડકાવેરામાંથી મુક્તિનું દાન કર્યું છે ત્યારે તેના બદલામાં જૈન સમાજે કાંઇક પણ સંગીન કાર્ય કરી બતાવવું જોઇએ અને એ રીતે પોતાની કૃતજ્ઞતા પુરવાર કરવી જોઇએ. આ હેતુથી નમ્રભાવે નીચેની સૂચના કરવાની રજા લઉં છું.

આજથી કેટલાંક વર્ષો ઉપર જૈન સમાજ ઉપર જ્યારે મુંડકાવેરાના બદલામાં વાર્ષિક રૂ. ૬૦૦૦૦ નું ભરણું લાદવામાં આવ્યું હતું ત્યારે તે ભરણાને પહોંચી વળવા માટે શેઠ આણંદજી કલ્યાણજી તરફથી એક ફંડ ખોલવામાં આવ્યું હતું અને તેમાં આશરે બાર લાખ રૂપીઆ એકઠા થયા હતા, જેના રોકાણમાંથી પ્રસ્તુત રૂ. ૬૦૦૦૦ ભરપામાં આવતા હતા. હવે આ રૂ. ૬૦૦૦૦ ની જવાબદારીમાંથી શેઠ આણંદજી કલ્યાણજી મુક્ત થયેલ છે. અને એ બાર લાખ રૂપીઆ આજે પણ એમના એમ અનામત પડેલા હોવા જોઇએ. પાલીતાણા રાજ્ય હવે વિસર્જન થયું છે; પાલીતાણા ઠાકોર સાથેના આપણા ચોક્કસ પ્રકારના સંબંધનો અન્ત આવ્યો છે. હવે આવો કોઇ પણ યાત્રાળુકર શત્રુંજય તીર્થના સંબંધમાં ઉભો થવા સંભવ નથી. તો પછી આ બાર લાખની રકમનો શો ઉપયોગ? આજે જુનાગઢ નવાબની નવાબીમાંથી અને પાલીતાણા ઠાકોરની હકુમતમાંથી આપણાં બન્ને તીર્થો મુક્ત થયેલ છે અને આપણે સૌ મુક્ત મને જાણે કે પોતાની જ હકુમતના પ્રદેશમાં વિચરતા હોઇએ એ રીતે ગીરનાર તેમ શત્રુંજયના તીર્થોમાં ફરી શકીએ છીએ, વિચરી શકીએ છીએ. જૈન સમાજના ઇતિહાસમાં આ એક અપૂર્વ પ્રસંગ છે. આવી મહાન લાભપ્રાપ્તિ બદલ દિલની કદરદાની અને કૃતજ્ઞતા દાખવવાનો એક જ માર્ગ છે કે જૈન સમાજે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સૌરાષ્ટ્રના સમગ્ર પ્રજાજનોના લાભાર્થે કોઇ પણ યોજના નક્કી કરીને ઉપર જણાવેલ બાર લાખની રકમ સૌરાષ્ટ્ર સરકારને ચરણે ધરવા આદેશ આપવો જોઇએ. આ યોજના શિક્ષણ વિષયક હોય, વૈદકીય રાહતને લગતી હોય, હરિજન ઉદ્ધારની હોય, કોઇ પુરાતત્વ સંશોધન મંદિર ઉભું કરવાને લગતી હોય. ઉભય પક્ષને અનુકુળ પડે તેવી કોઇ પણ લોકકલ્યાણસાધક યોજના સાથે આ બાર લાખની રકમ સાંકળી દેવી જોઇએ. આવી જ્યારે હું સૂચના કરૂં છું ત્યારે એવો સુર ઉઠતો હું કલ્પી શકું છું કે આ નાણાં જૈનોનાં છે અને માત્ર જૈનોના માટે જ આ નાણાં ખરચાવાં જોઇએ. આ પ્રશ્ન પરત્વે આમ બોલવું કે વિચારવું જૈન સમાજને શોભતું નથી. આવડી મોટી આવકનું સાધન અને તે વર્ષોની પરંપરાથી સ્થિરમૂળ બનેલું–છોડી દેવામાં સૌરાષ્ટ્ર સરકારે કેવળ ખેલદીલી બતાવી છે. આવી જ ખેલદીલી જૈન સમાજે અને આણંદજી કલ્યાણજીની પેઢીએ દાખવવી ઘટે છે. આમ કરવાથી સૌરાષ્ટ્રની પ્રજા જૈન સમાજ વિષે એટલી જ અહેશાનમંદી અનુભવશે. 'શુભસ્ય શીઘ્રમ્' એ ન્યાયે આ સુચનાને બને તેટલો વેગ આપવા જૈન સમાજને અને શેઠ આણંદજી કલ્યાણજીના પ્રમુખ શ્રી. કસ્તુરભાઇ લાલભાઇને ધ્યાનમાં લેવા સાદર વિનંતિ છે.

## ગોડીજીના મંદિરના પુનરૂધ્ધાર માટે રૂપીઆ તેર લાખનું બજેટ !

મુંબઇ ખાતે પાયધુની ઉપર શ્વેતાંબર સંપ્રદાયના પાંચ છ મંદિરો છે. આ દરેક મંદિરની પેઢી બહુ સારી મુડી ધરાવે છે અને તેમાં દર વર્ષે આવક પણ બહુ સારી થાય છે. આ મંદિરોમાંના એક શ્રી ગોડી પાર્શ્વનાથના મંદિરની સર્વતોમુખી નવરચના કરવા માટે એ મંદિરના ટ્રસ્ટીઓએ રૂા. ૧૩૦૦૦૦૦ નું બજેટ નક્કી કર્યું છે એમ જાણવા મળ્યું છે. આવી જ રીતે નજીકમાં આવેલ શ્રી શાન્તિનાથજીના મંદિરનો પણ પુનરૂદ્ધાર કરવાની વાત ચાલે છે. એમ પણ જાણવા મળે છે કે ગોડીજીનું મંદિર પાયામાંથી સમારકામ માંગે છે અને એમને આમ ચલાવવામાં જાનમાલનું જોખમ રહેલું છે. આવા પાયાના સમારકામ માટે બહુ બહુ તો બે લાખ, ત્રણ લાખ, ચાર લાખ રૂપીઆના ખર્ચની જરૂર ગણાય. પણ તેર લાખ રૂપીઆનું બજેટ શાને માટે? વાત તો એમ છે કે પાસે ઢગલાબંધ નાણું પડ્યું છે, મંદિરના ટ્રસ્ટીઓને ટેન્ડુલકર કમીટી ભડકાવી રહી છે, આ નાણામાંથી કશા પણ લોકોપયોગી કાર્યનો વિચાર તો સર્વથા બહિષ્કૃત છે, દૂર નજીકનાં અનેક મંદિરો મરામત માંગી રહ્યા છે, પણ જેમ ગરીબોની જરૂરિયાત નજર આગળ આંખો કાઢતી હોવા છતાં જેમ કોઇ ધનાઢ્ય શ્રીમાન પોતાના સાધારણ નિવાસસ્થાનને એક ભવ્ય રાજમહેલમાં પલટાવતાં જરા પણ અચકાતો નથી એવી જ રીતે આપણા મંદિરમાં કેટલુંક નવેસરનું કામ કરવાનું છે તો સાથે સાથે આપણા પોતાના મંદિરને વધારે ભવ્ય, રોણકદાર કાં ન કરવું–આ જ ભાવના પ્રસ્તુત મંદિરના ટ્રસ્ટીઓને નવા પ્લાનની વિચારણા તરફ આકર્ષી રહી છે. મંદિરનાં વધારાનાં નાણાંનો આજના વખતે કે જ્યારે સમાજનો મોટો ભાગ કેમ ટકવું અને કેમ જીવવું એની વીમાસણમાં જ રાત્રી અને દિવસ પસાર કરી રહ્યો છે ત્યારે આ શું વ્યાજબી સદુપયોગ લેખાશે? જો વધારાનાં નાણાં આમ જ વેડફાઇ શકાતા હોય અને તેનો બીજો કોઇ પણ ઉપયોગ વિચારવા સામે તાળું લગાવવામાં આવ્યું હોય તો તો પછી આ દેવદ્રવ્યને આઝાદી અપાવવા માટે અને લોકોપયોગી કાર્ય તરફ તેને વાળવા માટે સરકારે દરમિયાનગીરી કરવી જ રહી. હજુ પણ મંદિરના ટ્રસ્ટીઓ ચેતે, વખતને ઓળખે, અને લોકોની ભીડને પહોંચી વળવાના કોઇ માર્ગને વિચારતા થાય તો સારૂં!

**પરમાનંદ.**